સંસ્કૃત ભાષા, સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ અને તત્વચિંતનના સંવર્ધન હેતુ સામાજિક સહભાગિતા દ્વારા 'સંસ્કૃત શક્તિ ગુરૂકુલ' શરૂ કરવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: સસક/૧૧૨૧/૨૦૪૮/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૭/૧૦/૨૦૨૨.

પૂર્વભૂમિકા:

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં પરંપરાગત સંસ્કૃત શિક્ષણનું મૂલ્ય વધે અને તેના અભ્યાસક્રમમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી રાજ્યની સંસ્કૃત પાઠશાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

ભારતની પુરાતન સંસ્કૃતિથી વિદ્યાર્થીઓ અને સમાજ લાભાન્વિત થાય તે આજના સમયની માંગ છે. સંસ્કૃતમાં અભિરૂચિ ધરાવતાં વિદ્યાર્થીઓ માટે વેદ, પુરાણ, ઉપનિષદ, જ્યોતિષ, આયુર્વેદ, વાસ્તુશાસ્ત્ર જેવાં શાસ્ત્રોના ઉત્તમ પ્રકારના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ બને તે જરૂરી છે. જે માટે અદ્યતન શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓથી સજ્જ આધુનિક તેમજ પરંપરાગત ગુરૂકુળના સમન્વય ધરાવતા શૈક્ષણિક સંકુલો 'સંસ્કૃત શક્તિ ગુરૂકુલ' સામાજિક સહભાગિતા દ્વારા શરૂ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

આ ગુરૂકુલો દ્વારા સંસ્કૃત ભાષા, સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ અને તત્વચિંતનમાં અભિરૂચિ ધરાવતાં રાજ્યના વિદ્યાર્થીઓ આધુનિક સુવિધાઓથી સજ્જ નિવાસી શૈક્ષણિક સંકુલોમાં સર્વગ્રાહી શિક્ષણ મેળવે અને તેમનું શ્રેષ્ઠ ઘડતર થાય એ આયોજનાનો હેતુ છે.

ઉદ્દેશ:

(૧) સમગ્ર રાજ્યમાંથી સંસ્કૃતમાં અભિરૂચિ ધરાવતાં અંદાજે ૩,૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓને પ્રથમા કક્ષા(ધોરણ-૬) થી ઉત્તર મધ્યમા કક્ષા(ધોરણ-૧૨) સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તાવાળુ સંસ્કૃત વિષયોનું નિઃશુલ્ક શિક્ષણ આપવું.

(૨) વિદ્યાર્થીઓના સર્વગ્રાહી વિકાસ માટે અત્યાધુનિક ભૌતિક અને શૈક્ષણિક સુવિધાઓ, નિવાસી છાત્રાલયની સુવિધાઓ, રમતગમત સહિતની ઇત્તર પ્રવૃત્તિઓ તેમજ પૌરોહિત્યમ, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર વગેરે કૌશલ્ય પ્રશિક્ષણની સુવિધાઓ પુરી પાડવી.

ઠરાવ

'સંસ્કૃત શક્તિ ગુરૂકુલ' યોજના અંતર્ગત સંસ્કૃત ભાષા, સંસ્કૃત સાહિત્ય, ભારતીય તત્વચિંતન અને ભારતીય સંસ્કૃતિના સશક્તિકરણ હેતુ સામાજિક સહભાગિતા દ્વારા સંસ્કૃત માધ્યમમાં શિક્ષણના આયોજન અને સંચાલનમાં અભિરૂચિ ધરાવતા, સંસ્કૃત ગુરૂકુલો માટે સ્વતંત્ર રીતે રોકાણ કરી શકે તેવા ખાનગી વ્યક્તિઓ, ટ્રસ્ટ, દેવસ્થાન ટ્રસ્ટ તેમજ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટિ(CSR) હેઠળના પ્રકલ્પોને પ્રથમા કક્ષા (ધોરણ-૬) થી ઉત્તર મધ્યમા કક્ષા (ધોરણ-૧૨) સુધીના સંસ્કૃત

Scanned with OKEN Scanner

ગુરૂકુલ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવા આ નીતિ જાહેર કરવાનો નિર્ણય કરવાનું આથી ઠરાવે તેમજ આ ઠરાવમાં નકકી કરવામાં આવેલ ધારા-ધોરણો, નિયમો અને જોગવાઇઓને આધિન નવા ૧૦ સંસ્કૃત ગુરૂકુલને માન્યતા આપવાનું અને સને ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં આ યોજના માટે રૂ.૨૫૦.૦૦ લાખની(અંકે રૂપિયા બસો પચાસ લાખ પૂરા) જોગવાઈને વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) કક્ષાઓનું માળખું અને વિદ્યાર્થી સંખ્યા:

નવા સંસ્કૃત ગુરૂકુલોએ માન્યતા પ્રાપ્ત કરવા અને સરકારશ્રી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ નાણાંકીય સહાય મેળવવા માટે પ્રથમા કક્ષા (ધોરણ-૬)થી ઉત્તર મધ્યમા કક્ષા (ધોરણ-૧૨) સુધીના વર્ગોમાં લઘુત્તમ ૧૫૦ અને મહત્તમ ૩૦૦ સુધી વિદ્યાર્થીઓને ક્રમશઃ પ્રવેશ આપી શકશે.

| ક્રમ | ગુરૂકુલની કક્ષા | સમકક્ષતા | વિદ્યાર્થીની સંખ્યા (કક્ષા સ્તરે કુલ) |
|---|---|---|---|
| ૧ | પ્રથમા -૧,૨,૩ | ધોરણ- ૬,૭,૮ | ૬૦ |
| ૨ | પૂર્વ મધ્યમા -૧,૨ | ધોરણ- ૯,૧૦ | ૪૫ |
| ૩ | ઉત્તર મધ્યમા-૧,૨ | ધોરણ- ૧૧,૧૨ | ૪૫ |
| | કુલ | | ૧૫૦ |

(૨) પ્રવેશ:

(૧) રાજ્યની કોઇપણ માન્યતા પ્રાપ્ત પ્રાથમિક શાળામાંથી ધોરણ-૫ ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી પ્રથમા કક્ષા-૧ (ધોરણ-૬) માટે, ઉચ્ચ પ્રાથમિક શાળામાંથી ધોરણ-૮ ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી પૂર્વ મધ્યમા કક્ષા-૧ (ધોરણ-૯) માટે અને માધ્યમિક શાળામાંથી ધોરણ-૧૦ માંથી ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી ઉત્તર મધ્યમા કક્ષા-૧ (ધોરણ-૧૧) માટે પ્રવેશપાત્ર રહેશે.

(૨) સંસ્કૃત પાઠશાળામાંથી અભ્યાસ કરેલ વિદ્યાર્થીને અન્ય સંસ્કૃત ગુરૂકુલમાં તમામ કક્ષામાં પ્રવેશ માટે છૂટ મળશે અને અગ્રિમતા આપવામાં આવશે.

(૩) સંસ્કૃત માધ્યમ સિવાયના અન્ય માધ્યમની શાળામાંથી સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરીને પૂર્વ મધ્યમા કે ત્યારબાદની કક્ષામાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરાયેલ કક્ષા મુજબના સેતુ પાઠ્યક્રમ (બ્રિજ-કોર્ષ)માંથી પસાર થવાનું રહેશે.

(૪) આ સેતુ પાઠયક્રમમાં સંસ્કૃત પાઠશાળા દ્વારા ૪૦ કલાકના "સંસ્કૃત સંભાષણનું પ્રશિક્ષણ" કે જે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવશે તે ફરજીયાત આપવાનું રહેશે તથા તેની ૫૦ ગુણની મૌખિક કસોટી તથા ૫૦ ગુણની લેખિત કસોટી મળી કુલ ૧૦૦ ગુણની કસોટી લેવાની રહેશે. આ કસોટીમાં પાસનું ધોરણ ૫૦ ગુણનું રહેશે. જેમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓનો પ્રવેશ માન્ય રહેશે. વધુમાં, જે તે સંસ્થા "સંસ્કૃત સંભાષણના પ્રશિક્ષણ" માટે તજજ્ઞની મદદ લઇ શકશે.



Scanned with OKEN Scanner

(૫) આ કસોટીમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને નીચે મુજબની સમિતિ દ્વારા સબંધિત સંસ્કૃત પાઠશાળામાં પ્રવેશ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૧)સબંધિત સંસ્કૃત પાઠશાળાના પ્રધાનાચાર્ય

(૨)સબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી કે તેમના પ્રતિનિધિ.

(૩)સબંધિત જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીકે તેમના પ્રતિનિધિ.

(૩) <u>અભ્યાસક્રમ અને પરીક્ષા :</u>

(૧) પ્રથમા કક્ષા (ધોરણ-૬,૭,૮)ના ત્રણેય વર્ગો માટેનો અભ્યાસક્રમ અને પરીક્ષાનું માળખું ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર દ્વારા ઠરાવ્યા મુજબનું રહેશે.

(૨) પૂર્વ મધ્યમા અને ઉત્તર મધ્યમા કક્ષાના વર્ગો માટેનો અભ્યાસક્રમ અને પરીક્ષાનું માળખું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ઠરાવ્યા મુજબનું રહેશે.

(૩) ઉપરના ક્રમ-૩(૧) અને ૩(૨) ના અભ્યાસક્રમો અને પરીક્ષાનું માળખું ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના પરામર્શમાં રહીને તૈયાર કરવાનું રહેશે.

(૪) આ ગુરૂકુલોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પરંપરાગત વિષયો ઉપરાંત આધુનિક વિષયો જેવા કે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, કમ્પ્યુટર વગેરે વિષયોના શિક્ષણ માટે ૨૧મી સદીના અદ્યતન વિષયવસ્તુ અને કૌશલ્ય પ્રાપ્ત થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવાના રહેશે. વધુમાં, સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ હસ્તપ્રતો (Manuscripts)ના ડિજીટાઇજેશન અને યોગ્ય જાળવણી માટે સવિશેષ પ્રયત્નો કરવાના રહેશે.

(૫) બાળકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ અને જન્મજાત પ્રતિભાઓના સંવર્ધન માટે યોગ, રમત-ગમત, સંગીત, કલા અને સાંસ્કૃતિક જેવી સહ-અભ્યાસિક પ્રવૃતિઓ પર ગુરૂકુલોએ વિશેષ ભાર મુકવાનો રહેશે. પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા તે માટે અલાયદા શિક્ષકો રાખવાના રહેશે.

(૪) <u>શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની ભૂમિકા:</u>

(અ) પ્રોજેક્ટ પાર્ટનર્સની પસંદગી:

સામાજિક સહભાગિતા દ્વારા ખાનગી વ્યક્તિઓ, ટ્રસ્ટ, દેવસ્થાન ટ્રસ્ટ તેમજ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટિ (CSR) હેઠળના પ્રકલ્પોને પ્રોજેક્ટ પાર્ટનર બનવાની ઇચ્છા (તૈયારી) માટે પ્રોત્સાહિત કરવા શિક્ષણ વિભાગ દ્વારા તબક્કાવાર EOI(Expression of Interest) રજૂ કરવા જાહેરાત દ્વારા આમંત્રિત કરાશે. કમિશનરશ્રી શાળાઓ, ગાંધીનગરની અધ્યક્ષતામાં સરકારી અધિકારીઓ, સંસ્કૃત ભાષાના શિક્ષણવિદો અને ઉચ્ચ ગુણવત્તાવાળી મોટી નિવાસી શાળાઓ ચલાવવામાં કુશળ અને અનુભવી વ્યક્તિઓની સમિતિ દ્વારા ચકાસણીની પ્રક્રિયા કરવામાં આવશે. આ સમિતિ, પસંદગી પામેલા અરજદારની સંસ્થાની મંજૂરી માટેની ભલામણ-સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ની અધ્યક્ષતાવાળી



Scanned with OKEN Scanner

ગવર્નિંગ કાઉન્સિલને કરશે. આ ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા આ અરજીઓનું મુલ્યાંકન સરકારશ્રીની મંજુરી મેળવશે.

ત્યારબાદ શિક્ષણ વિભાગ દ્વારા પ્રોજેકટ પાર્ટનર્સ સાથે કરાર કરવામાં આવશે અને તે કરાર થયાની તારીખથી ૩૦ વર્ષ સુધી અમલમાં રહેશે. રાજ્ય સરકાર દ્વારા પરસ્પર સંમતિ સાથે અને જે તે સમયે પ્રવર્તમાન નીતિઓને આધારે ૩૦ વર્ષ બાદ આ કાર્યકાળને વધુ લંબાવી શકાશે.

(બ) ગુરૂકુલોની માન્યતા:

'સંસ્કૃત શક્તિ ગુરૂકુલ' અંતર્ગત નવા સંસ્કૃત ગુરૂકુલો શરૂ કરવા માટે પ્રથમા કક્ષા-૧,૨,૩ (ધોરણ-૬,૭,૮), પૂર્વ મધ્યમા કક્ષા-૧,૨ (ધોરણ-૯,૧૦), ઉત્તર મધ્યમા કક્ષા-૧,૨ (ધોરણ-૧૧,૧૨)ના વર્ગોની મંજૂરી એકી સાથે અથવા તબક્કાવાર કમિશનરશ્રી શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા આપવામાં આવશે. વધુમાં, પ્રથમા અને મધ્યમા કક્ષા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની સંલગ્નતા મેળવવાની રહેશે.

(ક) રીકરીંગ ખર્ચમાં સહાય:

આ ગુરૂકુલ માટે સમગ્ર મૂડી રોકાણ પ્રોજેકટ પાર્ટનર્સ દ્વારા કરવામાં આવનાર છે અને પ્રોજેકટ પાર્ટનર્સને રીકરીંગ ખર્ચ માટે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે દરેક વિદ્યાર્થી દીઠ રકમ આપવામાં આવશે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઠરાવના પરિશિષ્ટ-બ મુજબ વિદ્યાર્થી સહાય આપવામાં આવશે. ત્યારબાદ વર્ષ ૨૦૨૩-૨૪ થી દર વર્ષે ૭%ના દરે વધારો મળવાપાત્ર થશે. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) <u>સામાજિક સહભાગિતા અંતર્ગત પ્રોજેક્ટ પાર્ટનર્સની ભૂમિકા:</u>

શિક્ષણ વિભાગ ખાનગી વ્યક્તિઓ, ટ્રસ્ટ, દેવસ્થાન ટ્રસ્ટ તેમજ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટિ (CSR) હેઠળના પ્રકલ્પો સાથે ભાગીદારી કરવા માંગે છે. જેથી તેઓના હાલના સંશાધનો, વિવિધ ક્ષેત્રોની કુશળતા અને મુખ્ય ક્ષમતાઓનો મહત્તમ લાભ રાજ્યના વિદ્યાર્થીઓને આપી શકાય.

(અ) પ્રોજેકટ પાર્ટનર્સ દ્વારા જમીન અને મૂડી રોકાણ:

સંસ્કૃત ગુરૂકુલો સ્થાપવા માટેનું સંપૂર્ણ મૂડી રોકાણ પ્રોજેકટ પાર્ટનર્સ દ્વારા કરવામાં આવશે. પ્રોજેકટ પાર્ટનર્સ પ્રોજેક્ટ માટે જરૂરી જમીનની અને માળખાકીય સુવિધા ઊભી કરશે, જેમાં શાળાનું બીલ્ડીંગ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે આવાસ સુવિધા, ડાઇનીંગ હોલ, ઇનડોર અને આઉટડોર રમતગમતની સુવિધાઓ, મલ્ટીપર્પઝ એકટિવિટી રૂમ સહિત જરૂરી તમામ અદ્યતન માળખાકીય સુવિધાઓ ઊભી કરવાની રહેશે. વધુમાં, સંસ્કૃત ગુરૂકુલના વિદ્યાર્થીઓ માટે પૌરોહિત્યમ વિષયના પ્રાયોગિક કાર્ય માટે અલગથી યજ્ઞશાળા, ગુરૂકુલમાં ચાલતા વિષયોની જરૂરિયાત અનુસાર ખગોળ વિજ્ઞાન અને જ્યોતિષ લેબોરેટરી, વૈદિક ગણિત લેબોરેટરી સહિતની સુવિધાઓ પણ પ્રોજેક્ટ પાર્ટનર્સે પોતાના ખર્ચે ઊભી કરવાની રહેશે.



Scanned with OKEN Scanner

(બ) પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા જરૂરી માનવબળની વ્યવસ્થા:

આ ગુરૂકુલોમાં પરિશિષ્ટ-અ મુજબની લાયકાત ધરાવતા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફને પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા કરાર આધારે ભરતી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ નિમણૂંક થયેલા કર્મચારીઓને કોઇપણ સમયે સરકારી કર્મચારી ગણવામાં આવશે નહિ અને ભવિષ્યમાં પણ તેઓ સરકારી કર્મચારી હોવા તરીકેનો કોઇ કાયદેસર હક્કદાવો કરી શકશે નહીં. આ કર્મચારીઓની સેવાકીય સંબધિત તમામ બાબતોની જવાબદારી પ્રોજેક્ટ પાર્ટનર્સની રહેશે. આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રોજેક્ટ પાર્ટનર અને કરાર આધારિત કર્મચારી વચ્ચેના કરારમાં કરવાનો રહેશે. આ યોજના અંતર્ગત યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(ક) ઉચ્ચતમ શૈક્ષણિક ધોરણો જાળવવા માટે શ્રેષ્ઠ શિક્ષકોની નિમણુંક:

પ્રધાનાચાર્યો અને શિક્ષકોના પગાર અને પ્રોત્સાહનો માટે નિર્ધારિત કરીને ફાળવેલ રકમ આ સાથેના પરિશિષ્ટ-બમાં જણાવ્યા પ્રમાણે માત્ર પગાર અને પ્રોત્સાહનો માટે જ ખર્ચ કરી શકશે અને અન્ય કોઇ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકશે નહીં. શ્રેષ્ઠ લાયકાત, અનુભવ અને યોગ્યતા ધરાવતાં શિક્ષકોની ભરતી કરવામાં આવે તથા તેમને જાળવી રાખવામાં આવે તે માટે તેમને યોગ્ય મહેનતાણું આપવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે. ગુણવત્તાયુક્ત શિક્ષણની ખાતરી કરવા માટે સ્ટાફની સઘન તાલીમ, દેખરેખ અને માર્ગદર્શન હાથ ધરવામાં આવશે.

(ડ) સુચારૂ નાણાંકીય વ્યવસ્થાપન :

સંસ્કૃત ગુરૂકુલોને ફાળવવામાં આવેલ રકમ સરકારના નાણાંકીય ઔચિત્યના નિયમો અને કાર્યપધ્ધતિને ધ્યાને લઇ સુચારૂ રીતે વાપરવાની રહેશે. કોઇ એક નાણાંકીય વર્ષમાં આ રીકરીંગ ખર્ચમાંથી કોઇ બચત થાય તો તે નાણાં અલગથી જમા રાખવાની રહેશે. આ બચેલા નાણાંનો અન્ય કોઇ હેતુ/ કાર્ય/ પ્રોજેક્ટ માટે કોઇપણ સંજોગોમાં ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

રાજ્ય સરકાર તરફથી આપવામાં આવેલ નાણાં સબંધમાં તમામ સંસ્કૃત ગુરૂકુલોએ યોગ્ય નાણાંકીય વ્યવસ્થાપન અને હિસાબી પ્રથાઓનું પાલન કરવાનું રહેશે. તમામ સંસ્કૃત ગુરૂકુલોનું સમયાંતરે સોશિયલ ઑડિટ અને થર્ડ પાર્ટી ફાઇનાન્સિયલ ઑડિટ કરવામાં આવશે અને આવા ઑડિટરની નિમણૂંક અને તે અંગેના ખર્ચની ચૂકવણી શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવશે.

આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૬) <u>વ્યવસ્થાપન માળખું અને મોનીટરીંગની પદ્ધતિ</u>:

(અ) અમલીકરણ એજન્સી:

આ પ્રોજેક્ટ માટે કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર અમલીકરણ સંસ્થા રહેશે. આ સંસ્કૃત ગુરૂકુલો માટે સંપૂર્ણ મોનીટરીંગ, રીપોર્ટીંગ, નાણાંકીય વ્યવસ્થાપન અને



Scanned with OKEN Scanner

ઑડિટિંગની જવાબદારી કમિશનરશ્રી, શાળાઓની રહેશે. જ્યારે શૈક્ષણિક બાબતો, શિક્ષક પ્રશિક્ષણ અને ગુરૂકુલોની કામગીરીના શૈક્ષણિક નિરીક્ષણમાં ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડની પણ ભૂમિકા રહેશે.

(બ) ગવર્નિંગ કાઉન્સિલ:

સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગરની અધ્યક્ષતામાં સંસ્કૃત ગુરૂકુલો માટે પરિશિષ્ટ-ક મુજબ ગવર્નીંગ કાઉન્સિલ રહેશે. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગની અધ્યક્ષતાવાળી ગવર્નીંગ કાઉન્સિલ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલી આ નીતિના વ્યાપક માળખાની અંદર રહી તમામ જરૂરી નિર્ણયો અને પગલાંઓ લેવા માટે અધિકૃત રહેશે.

(૭) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૮) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે .

આ અંગેનો ખર્ચ સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ ઇડીએન–૯૪, માંગણી નં.૯ (નોન-પ્લાન), ૨૨૦૨-સામાન્ય શિક્ષણ, ૦૫-ભાષા શિક્ષણ,૧૦૩-સંસ્કૃત શિક્ષણ, ૦૧–સંસ્કૃત પાઠશાળાનો વિકાસ (૨૨૦૨-૦૫-૧૦૩-૦૧) હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની ઈ-સરકાર પરની ફાઈલ ક્રમાંક: ED/CRT/e-file/3/2022/0003/CHH ઉપર સરકારશ્રીની તા.૨૯/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(પ્રા.શિ અને મા.શિ))ના અંગત સચિવશ્રી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,



Scanned with OKEN Scanner

ગાંધીનગર

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૦૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), સેક્ટર-૧૨, ગાંધીનગર.
- કુલ સચિવશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, વેરાવળ, જી.ગીર-સોમનાથ.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત શિક્ષણ બોર્ડ, સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ.
- પે એન્ડ એકાઉન્ટ્સ ઓફિસરશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી,કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Scanned with OKEN Scanner

## પરિશિષ્ટ-અ

(અ) પ્રધાનાચાર્ય, શિક્ષક અને બિનશૈક્ષણિક સ્ટાફની લાયકાત:-

| ક્રમ | હોદ્દો | પાઠશાળાની કક્ષા | લઘુત્તમ લાયકાત |
|---|---|---|---|
| ૧ | પ્રધાનાચાર્ય | પૂર્વ મધ્યમાથી ઉત્તર મધ્યમા સુધી | આચાર્ય અને શિક્ષાશાસ્ત્રી (તાલીમી) અને પાંચ વર્ષનો પૂર્વ મધ્યમા/ઉત્તર મધ્યમા કક્ષા સુધીનો પાઠશાળાકીય શૈક્ષણિક કાર્યનો અનુભવ |
| ૨ | શિક્ષક | પ્રથમા-૧,૨,૩ (ધોરણ-૬,૭,૮) | શાસ્ત્રી અને શિક્ષાશાસ્ત્રી |
| ૩ | શિક્ષક | પૂર્વ મધ્યમા-૧,૨ (ધોરણ-૯,૧૦) | શાસ્ત્રી અને શિક્ષાશાસ્ત્રી |
| ૪ | શિક્ષક | ઉત્તર મધ્યમા-૧,૨ (ધોરણ-૧૧,૧૨) | આચાર્ય અને શિક્ષાશાસ્ત્રી |
| ૫ | ગૃહપતિ, મદદ. ગૃહપતિ | - | શાસ્ત્રી (વેદ-શાસ્ત્રના જાણકાર હોય તે ઇચ્છનીય) |
| ૬ | બિન-શૈક્ષણિક (ડેટા એન્ટ્રી ઓપરેટર-કમ-કારકુન) | તમામ કક્ષા | સંસ્કૃત વિષયમાં સ્નાતક તથા માન્ય સંસ્થાનો કમ્પ્યુટરની જાણકારી અંગેનો સર્ટીફિકેટ કોર્સ પાસ કરેલ હોવો જોઇએ |
| ૭ | બિન-શૈક્ષણિક પટાવાળા(વર્ગ-૪) | તમામ કક્ષા | ધોરણ-૧૦ પાસ |

નોંધ:-

ઉપરોક્ત ક્રમ-(૧) થી (૫)ની જગ્યાઓ માટે ઉમેદવારે સરકાર દ્વારા માન્ય બોર્ડ/યુનિવર્સિટીની સંસ્કૃત માધ્યમમાં મેળવેલી લાયકાતો હોવી જોઇશે.

(બ) ખંડ સમયના અધ્યાપકની લાયકાત અને વેતન:-

| ક્રમ | વિષય | લઘુત્તમ લાયકાત |
|---|---|---|
| ૧ | ગુજરાતી/ હિન્દી | B.A., B.Ed અથવા તેને સમકક્ષ |
| ૨ | અંગ્રેજી | B.A., B.Ed અથવા તેને સમકક્ષ (મુખ્ય વિષય અંગ્રેજી) |
| ૩ | વૈદિક ગણિત/વિજ્ઞાન | શાસ્ત્રી, શિક્ષા શાસ્ત્રી (મુખ્ય વિષય જ્યોતિષ/વાસ્તુશાસ્ત્ર) |
| ૪ | સામાજિક વિજ્ઞાન | B.A., B.Ed અથવા તેને સમકક્ષ (મુખ્ય વિષય સામાજિક વિજ્ઞાન) |
| ૫ | કમ્પ્યૂટર | PGDCA/BCA/માન્ય સંસ્થાનો કમ્પ્યૂટરનો ડિપ્લોમા |
| ૬ | પૌરોહિત્યમ | શાસ્ત્રી,શિક્ષા શાસ્ત્રી (પૌરોહિત્યમનો ડિપ્લોમા ઇચ્છનીય) |

Scanned with OKEN Scanner

# પરિશિષ્ટ-બ

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ચુકવવામાં આવનાર લમ્પ–સમ નાણાંકીય સહાય

પ્રોજેક્ટ પાર્ટનર દ્વારા તમામ કેપિટલ ખર્ચ વહન કરવાનો રહેશે. વાર્ષિક રીકરીંગ ખર્ચ પ્રતિ વિદ્યાર્થી પ્રતિ વર્ષ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.

(૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સંરકાર દ્વારા પ્રતિ, વિદ્યાર્થી પ્રતિ વર્ષે રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ચૂકવવામાં આવશે. દર વર્ષે આ રકમનો ૭% નો વધારો આપવામાં આવશે.

(૨) આ રકમ નીચે દર્શાવ્યા પ્રમાણેના હેડ-વાઇઝ હેતુઓ માટે સૂચવાયેલ રકમ પ્રમાણે આપવામાં આવશે.

(3) આ રકમનો ઉપયોગ હેડ અંતર્ગત જરૂર મુજબ કરી શકાશે.

| ક્રમ | વિગત | રકમ (પ્રતિ વિદ્યાર્થી પ્રતિ વર્ષ) |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના પગાર અને પ્રોત્સાહક લાભો (ખંડ સમયના અધ્યાપકો સહિત) | રૂા.૨૪,૦૦૦/- |
| ૨ | ભોજનની વ્યવસ્થા, સામગ્રી અને આનુસંગિક ખર્ચ. | રૂા.૨૦,૦૦૦/- |
| 3 | સમારકામ અને જાળવણી, હોસ્ટેલ અને સ્કુલ બિલ્ડિંગ મેનેજમેન્ટ હાઉસકીપીંગ | રૂા.3,000/- |
| ૪ | સ્ટેશનરી, પાઠ્યપુસ્તકો અને અન્ય સહાય તેમજ વિદ્યાર્થીઓ માટે ઇત્તર પ્રવૃત્તિઓ, તબીબી સુવિધાઓ અંગેનો ખર્ચ | રૂા.3,000/- |
| | કુલ | રૂા.૫૦,૦૦૦/- |

Scanned with OKEN Scanner

## પરિશિષ્ટ-૬

## પસંદગી સમિતિ

કમિશનરશ્રી, શાળાઓ, ગાંધીનગરની અધ્યક્ષતામાં નીચે જણાવ્યા પ્રમાણેની પસંદગી સમિતિ રહેશે.

| ક્રમ | હોદ્દાની રૂએ સભ્યો |
|---|---|
| ૧ | કમિશનરશ્રી, શાળાઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (અધ્યક્ષ) |
| ૨ | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. |
| ૩ | નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર. |
| ૪ | નાણાં સલાહકારશ્રી(શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. |
| ૫ | સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધયમિક શિક્ષણ બોર્ડ (GSHSEB), ગાંધીનગર. |
| ૬ | પ્રતિનિધિશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી.ગીર-સોમનાથ |
| ૭ | પ્રતિનિધિશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર. |
| ૮ | રાજ્યની હયાત સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રતિનિધિ |
| ૯ | સંસ્કૃત ભાષાના શિક્ષણવિદ્ |

Scanned with OKEN Scanner

## પરિશિષ્ટ-ક

### ગવર્નીંગ કાઉન્સિલ

ઠરાવની જોગવાઇઓને આધિન જરૂરી કાર્યવાહી સંદર્ભે સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ની અધ્યક્ષતા હેઠળ નીચે જણાવ્યા પ્રમાણેની ગવર્નીંગ કાઉન્સિલ રહેશે.

| ક્રમ | હોદ્દાની રૂએ સભ્યો |
|---|---|
| ૧ | સચિવશ્રી(પ્રા.શિ.અને મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. |
| ૨ | અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB), ગાંધીનગર |
| 3 | કમિશનરશ્રી, શાળાઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, સભ્ય સચિવ |
| ૪ | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. |
| ૫ | નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર. |
| ૬ | પ્રતિનિધિશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર. |
| ૭ | પ્રતિનિધિશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. ગીર-સોમનાથ |
| ૮ | પ્રતિનિધિશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર. |
| ૯ | શિક્ષણવિદ્(૨) |

Scanned with OKEN Scanner

## સંસ્કૃત શક્તિ ગુરુકુલ શરૂ કરવા માટેનું અરજી પત્રક. વર્ષ- ૨૦૨૩-૨૪ માટે

સંસ્કૃત ભાષા,સાહિત્ય,ભારતીય સંસ્કૃતિ અને તત્વચિંતનના સંવર્ધન હેતુ સામાજીક સહભાગિતા ધ્વારા રાજયમાં સંસ્કૃત શકિત ગુરૂકુલ શરૂ કરવા માટે રસ ધરાવતી સંસ્થાઓ એ વિગતો ભરવા માટેનું અરજી પત્રક.

(૧) અરજીપત્રક બે નકલમાં રજૂ કરવાનું રહશે. (૨) પૂરતી માહિતી વગરની અરજી અમાન્ય રહેશે.

**અમો વર્ષ- ૨૦૨૩-૨૪ના વર્ષથી નવી સંસ્કૃત શકિત ગુરૂકુલ શરૂ કરવા માંગીએ છીએ, જેની વિગત નીચે મુજબ છે.**

### સામાન્ય માહિતી

| | | |
|---|---|---|
| 1 | સંસ્થાનું નામ અને સરનામું (રજીસ્ટર્ડઓફિસ) | |
| 2 | સંસ્થાની સ્થાનિક/જીલ્લા ઓફિસનું સરનામું | |
| 3 | સંપર્કની વિગત | |
| | **(૧) રજીસ્ટર્ડ ઓફિસઃ-** | |
| | • ટેલીફોન નંબર | |
| | • ફેકસ નંબર | |
| | • મોબાઇલ નંબર | |
| | • મેઇલ એડ્રેસ | |
| | • વેબસાઇટનું નામ | |
| | **(૨) સ્થાનિક (જિલ્લા) ઓફિસઃ-** | |
| | • ટેલીફોન નંબર | |
| | • ફેકસ નંબર | |
| | • મોબાઇલ નંબર | |
| | • મેઇલ એડ્રેસ | |
| 4 | સંસ્થાના ઓથોરાઇઝડ સંપર્ક વ્યકિતની વિગતઃ- | |
| | • નામઃ- | |
| | • હોદ્દોઃ- | |
| | • મોબાઇલ નંબર | |
| | • ફોન નંબર | |
| | • મેઇલ એડ્રેસ | |
| | • સરનામું | |
| 5 | સંસ્થાની કાયદાકીય નોંધણીની વિગતો: (નકલ સામેલ રાખવી) | |
| | • સંસ્થાનું બંધારણ/ટ્રસ્ટડીડ (નકલ સામેલ રાખવી) | |
| | • ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર | |
| 6 | સંસ્થાનો ટૂંકો પરિચય અને કામગીરીની ટૂંકી વિગત (vision/Mission) (અલગ પત્ર બિડવો) | |

Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| 7 | સંસ્થાના ઇન્કમટેક્ષ અને વ્યવસાયવેરા રજીસ્ટ્રેશનનના PAN/TAN નંબરની વિગત<br>(નકલ સામેલ રાખવી.) | |
| 8 | સંસ્થાના બેંક એકાઉન્ટની વિગત | **(૧) બેંકનું નામ**<br>**(૨) શાખાનું નામ,**<br>**શાખા કોડ નંબર અને**<br>IFSC No. |
| 9 | સંસ્થા દ્વારા રાજયમાં શૈક્ષણિક અથવા અન્ય વિષયને લગતા બીજા કોઇ પ્રોજેકટ ચલાવવામાં આવે છે? જો હા, તો તે સંસ્થાનું નામ, સરનામા, સંપર્ક નંબર અને ટૂંકી વિગત અલગથી સામેલ રાખવી. | અલગથી સામેલ છે/નથી. |
| 10 | સંસ્થાના ટ્રસ્ટીઓની વિગતોઃ-<br>(નકલ સામેલ રાખવી.) | (see table below) |

| ક્રમ | ટ્રસ્ટીઓના નામ અને સરનામા | ઉંમર | હોદ્દો | શૈક્ષણિક લાયકાત | વ્યવસાય | વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |

| | | |
|---|---|---|
| 11 | સંસ્થાના વ્યવસ્થાપક કમિટિના સભ્યોની વિગતઃ-<br>(નકલ સામેલ રાખવી.) | (see table below) |

| ક્રમ | વ્યવથાપક કમિટિના સભ્યોના નામ અને સરનામા | ઉંમર | હોદ્દો | શૈક્ષણિક લાયકાત | વ્યવસાય | વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

| 12 | ટ્રસ્ટની આર્થિક સધ્ધરતા | | રાષ્ટ્રીયકૃત બેંક | ફીકસ ડીપોઝીટ | કુલ |
|---|---|---|---|---|---|
| | **ક્રમ** | વિગત | | | |
| | 1 | મંડળ પાસે તા.૩૧/૦૩/૨૦૨૨ ના આર્થિક ભંડોળ (સી.એ.ઓડીટ રેપોર્ટ પ્રમાણે) | | | |
| | 2 | મંડળ પાસે અરજી કર્યા તારીખે આર્થિક ભંડોળ (બેંક સ્ટેટમેન્ટ પ્રમાણે ) | | | |
| | બેંકનું અધતન બેંક બેલેન્સ સર્ટી રજુકરવાનું રહેશે. | | | | |

| | | |
|---|---|---|
| 13 | સંસ્થા પાસે છેલ્લા ત્રણ વર્ષમાં બેંકમાં કરાવેલ ફીકસ ડિપોઝીટની વિગત.<br>(પ્રમાણિત નકલ સામેલ રાખવી) | |
| 14 | સંસ્થાના છેલ્લા ત્રણ વર્ષની આર્થિક સંધ્ધરતાની માહિતી.<br>(સી.એ. ઓડિટ રીપોર્ટ સામેલ રાખવા) | (see table below) |

| ક્રમ | નાણાકીય વર્ષ | આવક | ખર્ચ | બચત |
|---|---|---|---|---|
| | | | | |

| | | |
|---|---|---|
| 15 | સંસ્થા અન્ય સંસ્થાઓ/ વિભાગ સાથે જોડાયેલ હોય તો તેની વિગત | |

Scanned with OKEN Scanner

<table>
<tr><td>15</td><td>છેલ્લા ૦૫ (પાંચ) વર્ષમાં જો સંસ્થાએ શિક્ષણને લગતી અન્ય કોઇ કામગીરી કરેલ હોય તો તેની વિગતો<br>(આધારોની નકલ સામેલ રાખવી)</td><td><table><tr><td>ક્રમ</td><td>કામગીરીનો પ્રકાર</td><td>લાભાર્થીની સંખ્યા</td><td>મળેલ ગ્રાન્ટ</td><td>થયેલ ખર્ચ</td><td>રીમાર્કસ</td></tr><tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr></table>નોંધઃ- ગ્રાન્ટ મળ્યાના હુકમોની નકલો અરજી સાથે સામેલ રાખવી.</td></tr>
<tr><td>16</td><td>અરજી ચકાસણી ફીની વિગત (નોંન રીફંડેબલ)</td><td>(૧) ડીમાન્ડ ડ્રાફટનીરકમ રૂ.૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પૂરા)<br>(૨) તારીખ :-<br>(3) બેંકનું નામ<br>(૪) શાખાનું નામ,<br>શાખા કોડ નંબર અને<br>IFSC No.</td></tr>
</table>

Scanned with OKEN Scanner

# વિભાગ - II

1. પ્રસ્તાવિત સંસ્કૃત શકિત ગુરૂકુલની વિગતો

<table>
<tr><th>ક્રમ</th><th>સંસ્થાનુ નામ</th><th>વિગતો</th></tr>
<tr><td>1</td><td>સૂચિત નવી સંસ્કૃત શકિત ગુરૂકુલનું નામ અને સરનામું</td><td></td></tr>
<tr><td>2</td><td>સૂચિત નવી સંસ્કૃત શકિત ગુરૂકુલનો વિસ્તાર (આદીવાસી,પછાત વિસ્તાર ,આર્થિક રીતે પછાત વિસ્તાર , મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ, બિન પછાત ગ્રામ્ય વિસ્તાર )</td><td></td></tr>
<tr><td>3</td><td>સૂચિત નવી સંસ્કૃત શકિત ગુરૂકુલ જે ગ્રામ/શહેર /વિસ્તારમાં શરૂ કરવાની છે,તે ગામ/શહેર/વિસ્તારની વસ્તીની સંખ્યા</td><td></td></tr>
<tr><td></td><td>સંપર્કની વિગતો</td><td></td></tr>
<tr><td></td><td>શાળાનું નામ</td><td></td></tr>
<tr><td></td><td>તાલુકા</td><td></td></tr>
<tr><td></td><td>જીલ્લો</td><td></td></tr>
<tr><td></td><td>પિન કોડ</td><td></td></tr>
<tr><td></td><td>લેન્ડલાઈન/મોબાઇલ નંબર</td><td></td></tr>
<tr><td></td><td>ઈમેલ</td><td></td></tr>
<tr><td></td><td>વેબસાઈટ (જો કોઇ હોય તો)</td><td></td></tr>
<tr><td>4</td><td>સૂચિત નવી સંસ્કૃત શકિત ગુરૂકુલના કયા કક્ષાના વર્ગની માન્યતા જોઇએ છે.</td><td>
<table>
<tr><th rowspan="2">ક્રમ</th><th rowspan="2">ગુરુકુલની કક્ષા</th><th colspan="3">અંદાજીત વિધાર્થી સંખ્યા</th></tr>
<tr><th>કુમાર</th><th>કન્યા</th><th>કુલ</th></tr>
<tr><td>૧</td><td>પ્રથમા કક્ષા-૧ (ધોરણ-૬)</td><td></td><td></td><td></td></tr>
<tr><td>૨</td><td>પૂર્વ મધ્યમા કક્ષા-૧ (ધોરણ-૯)</td><td></td><td></td><td></td></tr>
<tr><td>૩</td><td>ઉતર મધ્યમા કક્ષા-૧ (ધોરણ-૧૧)</td><td></td><td></td><td></td></tr>
</table>
</td></tr>
<tr><td></td><td>સંસ્થા હાલ સંસ્કૃત પાઠશાળા કે વેદના વર્ગો ચલાવે છે ? જો હા તો....</td><td>(૧) સંસ્કૃત પાઠશાળ/ વેદશાળાનું નામ ..........................................................................<br>(૨) પાઠશાળા / વેદશાળાનૂં નામઃ-..........................................................................<br>(૩) અધ્યાપકોની સંખ્યાઃ-..........................................................................<br>(૪) કક્ષા વાઇઝ વિધાર્થીઓની સંખ્યા પ્રથમા ...........,મધ્યમા..........શાકત્રી ............<br>(૫) માન્યતા મેળવેલ હોય તો બોર્ડ/યુનિ. નું નામ ..................................................<br>(૬) માન્યતાનું વર્ષઃ-..........................................................................<br>(૭) સંસ્થા ધ્વારા વિધાર્થીઓપસેથી ફી લેવામાં આવે છે? જો હા તો તેની વિગતો.</td></tr>
</table>

Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| 5 | સૂચિત નવી સંસ્કૃત શકિત ગુરૂકુલનો સમય સોમવાર થી શુક્રવાર અને શનિવાર | |

6 અધ્યાપકોની વિગત :-

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃસસક/૧૧૨૧/૨૦૪૮/છ, તા.૧૭/૧૦/૨૦૨૨ પરિશિષ્ટ-અ મુજબ પ્રધાનાચાર્ય અને શિક્ષકની લાયકાત અને પગાર પરિશિષ્ટ-બ મુજબ ખંડ સમયના અધ્યાપકોની લાયકાત અને વેતન

શિક્ષકોની તમામ વિગતો દર્શાવતું પત્રક સામેલ કરવું

7

| ક્રમ | અધ્યાપકનું નામ | હોદો | શૈક્ષણિક લાયકાત | અનુભવ | પગાર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

8 આ સંચાલક મંડળ બીજા કોઇ પ્રાથમિક /માધ્યમિક/ઉ.મા., શાળાઓ ચલાવતું હોય તો તેની માહિતી નીચે મુજબ આપવી.

| ક્રમ | શાળાનું નામ | સ્થળ | સ્થાપના વર્ષ | ચાલતા વર્ગોની વિગત | કુલ વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | | | | |

9 સૂચિત નવી સંસ્કૃત શકિત ગુરૂકુલ શરૂ કરવાના સ્થળ/ગામ નજીક આવેલ ગામો /વિસ્તારની માહિતી કે જ્યાંથી ધોરણ-૬,૯,૧૧ના વિદ્યાર્થીઓ પ્રથમા-૬,પૂર્વ મધ્યમા-૯ અને ઉતર મધ્યમા-૧૧ સંસ્કૃત શકિત ગુરૂકુલમાં આવી શકે છે, તેમ છે. તે માહિતી નીચેનાં કોઠા મુજબ આપવી.

| ક્રમ | ગામનું નામ | સૂચિત નવી સંસ્કૃત શકિત ગુરૂકુલ શાળા વાળા ગામથી અંતર | વસ્તી | પ્રાથમિક, માધ્યમિક,ઉ.મા.શાળા કેટલી છે ? | કક્ષા | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ધોરણ- ૬ | | | |
| | | | | | ધોરણ-૯ | | | |
| | | | | | ધોરણ-૧૧ | | | |

| | | |
|---|---|---|
| 10 | કોઇપણ જાતના ભેદભાવ વગર દરેક જાતિના બાળકોને પ્રવેશ અપાય છે ? | |

Scanned with OKEN Scanner

## વિભાગ – III

| 1 | સૂચિત નવી સંસ્કૃત શકિત ગુરૂકુલ ના મકાનની વુગત | |
|---|---|---|
| | **મકાન મંડળની પોતાની માલિકીનું છે કે ભાડાનું ?** | |
| | ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (કેમ્પસનો વિસ્તાર): | |
| | કુલ વિસ્તાર (ચો. મીટરમાં): | |
| | બિલ્ટ અપ વિસ્તાર (ચોરસ મીટરમાં) | |
| | રમતના મેદાનનો વિસ્તાર (ચો. મીટરમાં) | |
| | શાળા પરિસરમાં ફાયર પોઈન્ટ્સની કુલ સંખ્યા | |
| | સક્ષમ સત્તાધિકારી પાસેથી શાળાની ફાયર સેફ્ટી અંગેનું પ્રમાણપત્ર મેળવેલ છે? | |
| | મકાનની મંજૂરી સંસ્કૃત શકિત ગુરૂકુલ માટે છે કે રહેણાક માટે ? | |
| | મકાનનો અધિકૃત અધિકારી દ્વારા મંજૂર કરેલ પ્રમાણિત નકશો રજૂ કરવો. | |
| | મકાનનો વપરાશ માટે યોગ્ય છે તે મતલબનું સક્ષમ ઓથોરીટીનું પ્રમાણપત્ર (બી.યુ.પરમીશન) રજૂ કરવુ. | |
| | મકાન જૂનુ હોય તો સ્થાનિક સક્ષમ ઓથોરીટીએ માન્ય કરેલ સ્ટ્રકચરલ એન્જિનિયરનું પ્રમાણપત્ર રજૂ. કરવું. | |

**2**

| | વિગત | સંખ્યા | માપ મીટરમાં | |
|---|---|---|---|---|
| ૧ | આચાર્યનું કાર્યાલય | | લબાઇ * પહોળાઇ | કુલ ક્ષેત્રફળ |
| ૨ | વહીવટી સ્ટાફનું કાર્યાલય | | | |
| ૩ | અધ્યાપક ખંડ | | | |
| ૪ | વર્ગ ખંડો | | | |
| ૫ | પ્રયોગશાળા/લાયબ્રેરી | | | |
| ૬ | કોમ્પ્યુટર ખંડ | | | |

Scanned with OKEN Scanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ૭ | બહેનો માટે વિશ્રાંતિ ખંડ | | | |
| | ૮ | અન્ય ખંડો હોય તો તેની વિગત | | | |
| | ૯ | યજ્ઞ શાળા | | | |
| | ૧૦ | સભાગૃહ | | | |
| | ૧૧ | સંગીત ખંડ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| 3 | આરોગ્ય વિષયક સગવડો | | | |
| | વિગતો. | સ્ટાફ માટે | વિદ્યાર્થીઓ માટે | વિદ્યાર્થીનીઓ માટે |
| | શૌચાલય સંખ્યા | | | |
| | હવા ઉજાસની વ્યવસ્થા પુરતા પ્રમાણમાં છે ? | | | |
| | પીવાના પાણી માટેની શું વ્યવસ્થા છે ? | | | |
| | રમત ગમત મેદાનની વિગતો. | | | |
| | રમત ગમતની સુવિધાઓ | | | |

| | | | |
|---|---|---|---|
| 4 | સંસ્થાએ ભૌતિક સુવિધાઓના વિસ્તરણ/વૃદ્ધિ માટે કરેલ ભાવિ આયોજનની વિગતો: | | |
| | વિગત | સંખ્યા અને આયોજન | પૂર્ણ કરવાનો સમયગાળો |
| | વધારાના વર્ગખંડોનું બાંધકામ | | |
| | વધારાના શૌચાલયોનું બાંધકામ | | |
| | હોસ્ટેલ/ડાઇનિંગ હોલનું બાંધકામ | | |
| | નવી પ્રયોગશાળાઓનું બાંધકામ | | |
| | રમતગમત માટે વધારાનું બાંધકામ (વિગતો આપવી) | | |

Scanned with OKEN Scanner

# બાંહેધરી

આથી હું /અમો........................................................................................................ રાજય ...............................

જિલ્લામાં ........................................... સ્થળે ...................................................... વર્ષ ............................................. થી

સંસ્કૃત શકિત ગુરૂકુલ શરૂ કરવાની મંજુરી મેળવવા માટે નિયત કરેલ અરજી પત્રક અને તેની શરતો સાથે અરજી કરીએ છીએ.

અમો આથી આપને બાંહેધરી આપીએ છીએ કે, સદર અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો અને તેને સંબંધીત રજૂ કરેલ આધારો અમારી જાણ અને માન્યતા મુજબ સાચા છે. સંસ્કૃત શકિત ગુરૂકુલ શરૂ કરવા સંબધે સરકારશ્રી ધ્વારા વખતો-વખત નિયત કરવામાં આવનાર તમામ નિયમોનું ચુસ્ત પણે પાલન કરીશુ.

તારીખઃ

સંસ્થાના પ્રમુખ / મંત્રી /મેનેજીંગ ટ્રસ્ટીનું નામ, હોદ્દો અને સહી-સિકકો

સ્થળઃ

Scanned with OKEN Scanner

## સંસ્કૃત શકિત ગુરૂકુલ શરૂ કરવા માટેની અરજી કરવા અંગેની સામાન્ય શરતોઃ-

(૧) અરજદાર સંસ્થા સરકારશ્રી દ્વારા નિયત કરાયેલ કાયદા હેઠળ નોંધાયેલી હોવી જોઇએ.

(૨) રુ.૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર નીચે મુજબનું સોંગંદનામું રજૂ કરવાનું રહેશે.

- ✓ સંસ્થાને ભારત સરકારશ્રી, ગુજરાત સરકારશ્રી અથવા અન્ય સરકારી સંસ્થા/નાણાકીય એજન્સી દ્વારા કાળી યાદી (Black list)માં મૂકવામાં આવેલ નથી.
- ✓ સંસ્થાના બોર્ડ મેમ્બર કોઇ ફોજદારી ગુનામાં સંડોવાયેલા ન હોવા જોઇએ તથા ફોજદારી ગુનાનો કોઇ પૂર્વ ઇતિહાસ ધરાવતા ન હોવા જોઇએ.

(૩) સંસ્થાનું રજીસ્ટ્રેશન અને તેના બંધારણની નકલ

(૪) સંસ્થાના PAN/TAN કાર્ડની નકલ.

(૫) સંસ્થાના છેલ્લા ત્રણ વર્ષના સી.એ.ના ઓડિટ રિપોર્ટની નકલ.

(૬) જો સંસ્થા દ્વારા શિક્ષણને લગતી અથવા અન્ય કોઇ કામગીરી કરવામાં આવેલ હોય તો છેલ્લા પાંચ વર્ષનો સંક્ષિપ્ત અહેવાલ અને પ્રવૃત્તિ અંગેના આધારો સામેલ રાખવા.

(૭) સંસ્થાએ અરજીપત્રક ચકાસણીની નોન-રીફન્ડેબલ ફીનો "નિયામકશ્રી, શાળાઓ, ગાંધીનગર" ના નામનો રૂ.૧૫,૦૦૦/-નો ડિમાન્ડ ડ્રાફટ રજૂ કરવાનો રહેશે.

(૮) નજીકની સંસ્કૃત પાઠશાળાનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવુ.

(૯)) ટ્રસ્ટે આર્થીક સધ્ધરતા બાબતે રૂ.પિયા ૫.૦૦ લાખની રકમ કોઇ અનુસૂચિત (રાષ્ટ્રીયકૃત) બેન્કમાં સંસ્કૃત પાઠશાળાના સંચાલક મંડળના નામે જમા કરાવ્યા અંગેનું બેંક બેલેન્સ સર્ટીફીકેટ સામેલ રાખવાનું રહેશે.

(૧૦) સૂચિત સંસ્કૃત પાઠશાળા ભૌતિક તથા આરોગ્ય વિષયક સુવિધા દર્શાવતો મકાનનો પ્રમાણિત નકશો રજૂ કરવાનો રહેશે.

(૧૧) સક્ષમ સતાધિકાશ્રીનું સચિત પાઠશાળાના મકાનનું વપરાશનું પ્રમાણપત્ર (BUP) રજૂ કરવાનું રહેશે.

(૧૨) સંસ્કૃત પાઠશાળાના મકાનની સ્ટ્રકચરલ સ્ટેબિલીટી માટેનું પ્રમાણપત્ર માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયર/ સબંધિત એકઝયુકયુટીવ એન્જીનીયર પાસેથી મેળવી રજૂ કરવાનું રહેશે.

(૧૩) સૂચિત સંસ્કૃત પાઠશાળાનું મકાન બિન વિવાદાસ્પદ હોવું જોઇએ.

(૧૪) સૂચિત સંસ્કૃત પાઠશાળાના મકાનના આગળનો, પાછળનો અને બાકીના બંને બાજુઓનો તથા શાળાના મેઇન ગેટ સહિત આખા મકાનને આવરી લેતો કલર ફોટોગ્રાફસ A4 સાઇઝના પેપરમાં રજૂ કરવાના રહેશે.

(૧૫) સૂચિત સંસ્કૃત પાઠશાળાના મકાનમાં ઉપલબ્ધ સેનીટેશનની સુવિધા તેમજ પાણી અને અન્ય પ્રાથમિક સુવિધાઓના કલર ફોટોગ્રાફસ A4 સાઇઝના પેપરમાં રજૂ કરવાના રહેશે. ઉપરાંત ફાયર સેફટીની સુવિધા ઉભી કરવા અંગેનું સક્ષમ સતાધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

Scanned with OKEN Scanner

(૧૬) અરજી પત્રકમાં દર્શાવેલ કોલમ અન્વયે જરૂરી તમામ દસ્તાવેજો અને વિગતો સંસ્થાના પ્રમુખ/મંત્રી/વડાનો સહી-સિકકો કરી પ્રમાણિત કરીને સામેલ રાખવા

(૧૭) સંસ્થા દ્વારા આપેલ વિગતો ખામીયુકત/ખોટી જણાશે તો તેવી સંસ્થાની દરખાસ્ત વિચારણામાં લેવામાં આવશે નહીં. વધુમાં, સરકારશ્રીમાં ખોટી/ખામીયુકત વિગતો રજૂ કરી ગેરમાર્ગે દોરવા સબબ આવી સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૮) સંસ્થાનું મૂલ્યાંકન અરજીપત્રક સાથે જોડેલ દસ્તાવેજો/પુરાવાઓ તેમજ તેના દ્વારા પુરા પાડેલ વિગતો પરથી કરવામાં આવશે. જેથી તમામ દસ્તાવેજો બિનચૂક રજૂ કરવાના રહેશે. આ અંગેની સત્યતા અને અન્ય તમામ બાબતમાં સઘળી જવાબદારી સંસ્થાની રહેશે. જો સંસ્થા આ બાબતે કોઇ કસૂર કરશે તો તે સંસ્થાની જવાબદારી ગણાશે.

(૧૯) સંસ્કૃત શકિત ગુરૂકુલ મંજૂર કરવા માટેની પસંદગી નિયત માપદંડ અને મૂલ્યાંકનને આધીન રહેશે. સંસ્થાના આધાર-પુરાવાઓની ચકાસણી કર્યા બાદ ગુણવત્તાના ધોરણે સંસ્થાની પસંદગી કરવામાં આવશે. તેમ છતાં કોઇ પણ નિર્ણય કરવાની સત્તા રાજય કક્ષાની ગવર્નિંગ કાઉન્સિલ (Governing Council )ને રહેશે. જે પરત્વે કોઇ વિવાદ ધ્યાને લેવામાં આવશે નહીં.

(૨૦) અરજીપત્રકના કવર ઉપર "**સંસ્કૃત શકિત ગુરૂકુલ શરુ કરવા માટેનું અરજીપત્રક**"- એવું લખવાનું રહેશે.

(૨૧) અરજીપત્રક આ કચેરીની વેબસાઇટ (https://cos.gujarat.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાશે તેમજ આ કચેરી અને સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતેથી રૂબરૂ મેળવી શકાશે. અરજીપત્રકમાં જરૂરી વિગતો ભરી તેમજ જરુરીયાત મુજબના આધાર-પુરાવાઓ જોડી ફીઝીકલ નકલ આર.પી.એ.ડી.થી નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૨૧માં મોકલવાની રહેશે.

Scanned with OKEN Scanner